## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ... આટલી નોટો ઠેકાણે પડે તેમ નથી... આમને લાવી છું... આટલા રૂપિયામાં જેટલા ઓપરેશન થાય તેટલી કરી દો... એટલે હાશ થાય....!!!

# સે-૨૮ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ગટરની સમસ્યાને ડામવા લાઈનનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૨

સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યા નિવારવા માટે ટુંકમાં જ કામ શરૂ કરવામાં આવશે. આ કામગીરી માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવાઈ છે. લાંબા સમયથી આ વિસ્તારમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો ટુંકમાં અંત આવશે તેમ પણ મનાઈ રહયુ છે. આ કામગીરી પાછળ રૂ ૧ કરોડનો ખર્ચ થશે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા શિરદર્દ સમાન બનતી જાય છે. ત્યારે નગરના છેવાડે સ્થિત જી આઈ ડી સી વિસ્તારમાં પણ આ પ્રશ્ન છેલ્લા ઘણાં સમયથી જટીલ બન્યો છે. જેના લીધે સ્થાનિક વેપારીઓ અને રહીશો દ્વારા પણ આ દુવિધા નિવારવા પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જી આઈ ડી સી વિસ્તારમાં ગટરના પેચીદા પ્રશ્નને હલ કરવા માટે કોર્પોરેશન દ્વારા પાટનગર યોજના ભવનને રૂ ૧ કરોડ ફાળવવામાં આવ્યા છે. જેના આધારે તંત્ર દ્વારા તુરંત ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી આ કામ ત્વરિત અસરથી હાથ ધરવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ટેન્ડર મંજુરીના અંતે ટુંકમાં જ કામ શરૂ કરી દેવાશે. આદિવાડા અને રોડ નં-૭ની લાઈન ગ માર્ગ સાથે જોડી દેવાશે. આ લાઈનનુ કામ પુર્ણ થયા બાદ આ વિસ્તારમાં ગટરો ઉભરાવાની જટીલ સમસ્યાનો અંત આવશે. શહેરના જી આઈ ડી સી વિસ્તારમાં દુવિધાઓનો ઢગ ખડકાયો છે. માળખાગત સુવિધાઓના અભાવે મુલાકાતીઓએ પણ પારાવાર હાલાકી વેઠવી પડે છે. ત્યારે વર્ષોના અંતે ગટરો ઉભરાવાની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા કામ હાથ ધરાશે.



નવી નોટોની ખુશી - નોટો બદલવાના ધમધમાટ વચ્ચે સામાન્ય પરિવારના સંતાનના હાથમાં બે-હજારની પાંચ નોટોથી ખુશીની પરાકાષ્ટા અનુભવાઈ હતી... એક તરફ કાળા નાણાંને બહાર કાઢવા સરકાર એડીચેટીનું જોર લગાવી રહી છે ત્યારે પરસેવેથી કમાયેલા હક્કના નાણાંની ખુશી કેવી અને કેટલી હોય એ તસવીરમાં બેઠેલ પરિવારના ચહેરા પર પ્રતિબિંબિત થાય છે...

# શહેરના જાણીતા આર્કિટેક અશોકભાઈના પિતા બી.ડી. છનિયારાનુ દુઃખદ અવસાન

ગાંધીનગર તા ૧૨



શહેરના જાણીતા આર્કિટેક અશોક છનિયારાના પિતા બી ડી છનિયારાનુ ૯૦ વર્ષની વયે અવસાન થયુ છે. નાણાં વિભાગના નાયબ સચિવ તરીકે ફરજ બજાવી ચુકેલા સ્વ છનિયારાએ સતત ૩૭ વર્ષ સુધી તેમણે સરકારને સેવા પુરી પાડી અગાઉના વર્ષોમાં રાજયનુ બજેટ તૈયાર કરવામાં તેમણે ઉમદા યોગદાન આપ્યુ હતુ. તેઓ સકારાત્મક અભિગમ ધરાવતા એક શ્રેષ્ઠ રમતવીર પણ હતા. સ્વ બી ડી છનિયારાની અંતિમયાત્રા આજે બપોરે ૨:૩૦ કલાકે પ્લોટનં ૩૦૭ સે-૨૦ ખાતેથી નિકળશે. સદગતના અવસાન બદલ નગરના અગ્રણીઓએ પણ શોકની લાગણી વ્યક્ત કરી છે.

શહેરના આર્કિટેક અશોક છનિયારાના પિતા બી ડી છનિયારાનુ ૯૦ વર્ષની જૈફ વયે અવસાન થતા નગરજનોએ શોકની લાગણી વ્યકત કરી છે.સ્વ બી ડી છનિયારા નાણાં વિભાગના સચિવ તરીકે પણ સેવા આપી હતી. સરકારી નોકરીમાં સતત ૩૭ વર્ષ સુધી ઉમદા ફરજ બજાવી તેમણે રાજયનુ બજેટ તૈયાર કરવામાં પણ પ્રશંસનીય યોગદાન પુરુ પાડ્યુ હતુ. ભુતપુર્વ નાણામંત્રી ના પી એસ તરીકે પણ ઉમદા કામગીરી કરી હતી. હસમુખો સ્વભાવ તેમજ સકારાત્મક અભિગમ ધરાવતા બુઝુર્ગ આજના યુવાનો માટે પણ પ્રેરણાદાયી બન્યા છે. તેઓ ૫૦ વર્ષ સુધી ક્રીકેટ રમતા હતા. રમતપ્રિય અને સમાજઉપયોગી વૃતિ પ્રવૃતિના લીધે તેમણે આમ નાગરિકોના હૃદયમાં આગવુ સ્થાન મેળવ્યુ હતુ.જયારે ૫૧ થી ૭૫ વર્ષની ઉંમરે ટેનિસ પણ રમતા હતા.કર્મનિષ્ઠ અને રમતવીર સ્વ બી ડી છનિયારાની અંતિમયાત્રા તા ૧૩ નવેમ્બરના રોજ બપોરે ૨ :૩૦ કલાકે સે-૨૦ સ્થિત પ્લોટનં -૩૦૭ થી નિકળશે તેમના અવસાનના સમાચારથી નગરના અગ્રણીઓ તેમજ શહેરીજનોએ શોકની લાગણી વ્યાપી છે. સદગતનુ બેસણુ તા ૧૪ ના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન રાખવામાં આવ્યુ છે.




મંગળવાર મોડી રાતથી કેન્દ્ર સરકારના આદેશ અનુસાર રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો બજારમાં બંધ થઈ ગઈ હતી ત્યારે જીવન જરુરી આવશ્યક સેવાઓમાં પેટ્રોલ પંપ, હોસ્પિટલ, મેડીકલ ઉપરાંત ગેસબિલ, ટેલિફોન બિલ સહિતની સેવાઓ આપતી સરકારી એજન્સીઓ મુદત સ્વીકારી શકશે ત્યારે શહેરના સે-૫ સીએનજી ગેસ સ્ટેશન પર ફિલીંગ મશીન પર જ રૂ.૫૦૦ અને ૧૦૦૦ની નોટ આપવી નહી. સ્વીકારવામાં આવશે નહી તેવા લખાણ સાથેની નોટીસ ચિપકાવી હતી. ત્યારે સે-૫ ગેસ સ્ટેશન ખાતે ગાડીઓમાં સીએનજી ગેસ પુરાવવા આવતા વાહન માલિકોમાં રોષ જોવા મળ્યો હતો. કેટલાક વાહનચાલકો અને ગેસ સ્ટેશનના કર્મચારીઓ વચ્ચે તુ તુ મૈં મૈંના દશ્યો પણ સર્જાયા હતા. જયારે છુટા રૂપિયાની પળોજણને પગલે ગાંધીનગરાઓ ત્રાહીમામ પોકારી ઉઠયા છે.

# ....ને નિવૃત્ત શિક્ષિકાએ બેંકનું વ્યવસ્થાપન જોઈ નિઃશુલ્ક સેવા 'મે આઈ હેલ્પ યુ'ની ઓફર કરી

ગાંધીનગર, તા. ૧૨

...ને એક નિવૃત્ત શિક્ષિકાએ બેંકની વ્યવસ્થા જોઈ સાચા અર્થમાં "મેંઆઈ હેલ્પ યુ"ની સેવા નિઃસ્વાર્થ ભાવે આપવાની તત્પરતા ઈન્ફોસીટીની દેનાબેંક શાખાને કરી હતી.

આજે ત્રીજા દિવસે પણ બેંકો પર લાંબી લાઈનો વહેલી સવારથી લોકોએ લગાવી દીધી હતી.

ઈન્ફોસીટીની દેનાબેંક શાખાએ તો એક અલાયદુ કાઉન્ટર નોટ ચેઈન્જ માટે બનાવ્યુ છે તો રોજના ગ્રાહકોને કોઈ તકલીફ ના પડે તે માટે પણ અલાયદી વ્યવસ્થા કરી છે.

અહીં બેંક સત્તાવાળાઓએ ગ્રાહકો માટે પીવાના પાણીની તેમજ વયસ્ક ગ્રાહકો માટે બેસવા ખુરશીઓની પણ વિશેષ વ્યવસ્થા કરી છે. આ શાખા દ્વારા છેલ્લા ત્રણ દિવસમાં ૧૫૦૦થી વધુ ગ્રાહકોને નોટ ચેઈન્જ કરી આપવામાં આવી છે.

બેંક દ્વારા કરાયેલી આ વ્યવસ્થાને પગલે સ્વૈચ્છીક નિવૃત્ત થનાર એક મહિલા શિક્ષિકાએ આજે બેંકના સત્તાવાળાઓને જઈ નિઃશુલ્ક સેવા ગ્રાહકોને તકલીફ ના પડે તે માટે આપવાની ઓફર કરી હતી.

# નોટ પરનો બેન લીક કરાયો હતો : શંકરસિંહ

હિંમતનગર, તા. ૧૨

ભાજપની નેતાગીરીએ તેમના સાથીઓને નોટ અંગેના નિર્ણયની અગાઉ જાણ કરી દીધી હોવાનો આક્ષેપ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કર્યો છે.

અરવલ્લી જિલ્લાના પ્રવાસે આવેલા વાઘેલાએ જણાવ્યું હતું કે સરકારના નિર્ણયથી સામાન્ય પ્રજા પરેશાન બની રહી છે તેને રાહત મળે તે રીતે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં તંત્ર નિષ્ફળ રહ્યાનું પણ તેમણે કહ્યું હતું.

વાઘેલાએ જણાવ્યુ હતુ કે નોટો રદ કરવાનો નિર્ણય ગુપ્ત રહ્યો ન હતો અને ભાજપના નેતાઓ અને આગેવાનોને પહેલા જાણ કરી દેવામાં આવી હતી.

વાઘેલાએ સરકારના આ નિર્ણયને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, પૂર્વઆયોજન વિના આડેધડ ઘોષણા કરી લોકોને મુશ્કેલીમાં મુક્યા છે.

# બઢતી પામેલ અધિક કલેકટર સંવર્ગના અધિકારીઓ લાંબા સમયથી નિમણુંકની રાહમાં

ગાંધીનગર, તા. ૧૨

રાજ્ય સરકારના અધિક કલેકટર સંવર્ગના ૩૦થી વધુ અધિકારીઓએ છેલ્લા બે મહિનાથી નિમણુંકની રાહમાં છે. આ અધિકારીઓની નિમણુંકની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ રાજ્ય સરકાર દ્વારા મહેસૂલી વિભાગના ૩૦થી વધુ નાયબ કલેક્ટરોને અધિક કલેક્ટર તરીકે બઢતી આપવામાં આવી હતી.

જો કે આ અધિકારીઓને બઢતી આપીને જે તે જગ્યાએ જ નિમણુંકો આપવામાં આવી હતી.

ત્યારબાદ રાજ્ય સરકાર ૫૦થી વધુ મામલતદારોને નાયબ કલેકટર તરીકે બઢતી સાથે નિમણુંકો આપવામાં આવતા બઢતી પામેલ ૩૦થી વધુ અધિક કલેક્ટરોની બદલી કરવામાં આવી હતી. જો કે તેઓને નિમણુંકો આપવામાં આવી ન હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ અધિક કલેકટર સંવર્ગના અધિકારીઓને નિમણુંક આપવાની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે. જેના કારણે છેલ્લા બે મહિના કરતા વધુ સમયથી આ અધિકારીઓ નિમણુંકની રાહ જોઈ રહ્યા છે.

# ત્રીજા દિવસે ચિલોડા રાષ્ટ્રીયકૃત બેંકમાં નાગરિકોની ભારે ભીડ




ચિલોડા, તા. ૧૨

જિલ્લાનું મુખ્ય જંકશન મથક ગણાતુ હાર્દસમા ચિલોડા ખાતે રાષ્ટ્રીયકૃત બેંક તથા સહકારી બેંકમાં ત્રીજા દિવસે ચલણી નોટો બદલાવવાના ચક્કરમાં ભારે ભીડ અને લાંબી કતારોના દશ્યો જોવા મળ્યા હતા. રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ થવાથી તમામ ક્ષેત્રે છૂટા રૂપિયાની રામાયણથી લોકોમાં ભારે હાલાકી સર્જાઈ છે. ત્યારે ચિલોડા ગામના આસપાસના ગામોમાં બેંક ન હોવાથી ગામવાસીઓ કામ-ધંધાથી અળગા રહી ચિલોડા બેંકમાં નોટો બદલાવા અને મેળવવા ફોર્મ લઈ દરવાજે ધામા નાખી પ્રયાસ કરી રહ્યા છે. ચિલોડા એસબીઆઈ ખાતે ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

જ્યારે હિંમતનગર રોડ પર આવેલી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા બેંક ખાતે લોકોની ભારે ભીડથી બેંક કર્મચારી દ્વારા મનમાની ચલાવતાં લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. ચિલોડા એપ્રોચ રોડ પર આવેલી સહકારી બેંક ખાતે મહુન્દ્રા ગામના મધ્યમવર્ગના લોકો નોટ બદલાવવા અને રોકડ રકમ મેળવવા ફોર્મ ભરવા એકબીજાને મદદરૂપ થવા મજબુર બન્યા હતા. હાલમાં બેંકોમાં રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો મેળવવામાં વધુ રસ દાખવતા કર્મચારી તથા નવી નોટો આપવામાં લોકોને બપોર પછી આપવાની રીતરસમ અપનાવતા નિરાશા જોવા મળી હતી.

# પ્રજાની પરેશાનીનો પાર નથી : ભરતસિંહ સોલંકી

અમદાવાદ, તા. ૧૨

રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટ રાતોરાત નાબૂદ કરીને વાહવાહી લૂંટવા માંગતા શાસકોએ પ્રજાની વ્યથા પરેશાની અંગે થોડી પણ ચિંતા કરી હોત તો કરોડો નાગરિકોના સમય, શક્તિ બચાવી શકાત અને તેઓને પડતી હાલાકીમાંથી મુક્તી મળત ત્યારે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની ગંભીર બેદરકારી, વહીવટી અણઘડતા, સામાન્ય નાગરિકો માટેનું ઉદાસીન વલણ સમગ્ર અરાજકા, અંધાધૂંધી માટે સીધી જ જવાબદાર હોવાનો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, સતત ત્રણ દિવસ થયાં હોવા છતાં સામાન્ય-મધ્યમ વર્ગની હાલાકી-પરેશાનીમાં ઘટાડો થવાને બદલે વધારો થઈ રહ્યો છે. કલાકો સુધી બેન્કની બહાર રૂ. ૫૦૦-૧૦૦૦ની નોટ બદલવા માટે રાહ જોનાર નાગરિકો ખાસ કરીને મહિલા, વૃદ્ધો ભારે તકલીફનો સામનો કરવો પડે છે.

એટીએમ મશીનમાં પુરતા નાણાં ઉપલબ્ધ કરાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડી છે. અનેક બેન્કો-પોસ્ટ ઓફિસમાં જાહેરાત થયાના ૭૨ કલાક થયા હોવા છતાં નાણાં ઉપલબ્ધ થતા નથી.

રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની નિષ્ક્રિયતા, ઉદાસીન વલણ અને અપૂરતી વ્યવસ્થા સામે પ્રજાની સમસ્યાઓમાં ઘટાડો કરવા, બેન્કોની લાંબી લાઈનોમાંથી મુક્તી મેળવવાની વ્યવસ્થા તંત્રની માંગ સાથે પ્રજાહિતમાં કોંગ્રેસ પક્ષ દ્વારા દેખાવો કાર્યક્રમ યોજાયો હતો.

# ભાજપ દ્વારા કલોલ ખાતે સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા.૧૨

ભાજપ દ્વારા કલોલ વિધાનસભા મત વિસ્તારનું દિવાળી સ્નેહ સંમેલન યોજાઈ ગયું. આ સંમેલનમાં ઉપસ્થિત પ્રદેશ વકતા તથા બનાસકાંઠા જિલ્લા પ્રભારીશ્રી દુષ્યંતભાઈ પંડયાએ જણાવ્યું કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતી કહેવત મુજબ 'જનની જણ જે ત્રણ કા ભકત દાતા શૂરવીર' મુજબ નરેન્દ્રભાઈની ઓળખાણ કરાવી હતી. આપણા વડાપ્રધાન ભારત માતા માટે ભકત છે. કન્યા કેળવણી માટે દાતા છે તે આતંકી માટે શૂરા છે. પ્રભારીશ્રી રમણજી સોલંકીએ નુતનવર્ષની શુભકામના પાઠવી હતી.

પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહે જણાવ્યું કે નવા વર્ષે દરેક કાર્યકર્તા એક એક થઈ સાથે જોડાઈને ૨૦૧૭માં કલોલ વિધાનસભામાં કમળ ખિલવવાનું છે અને શ્રી પ્રેમસ્વરૂપ સ્વામી પણ સૌને એકરૂપ થવાના આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્યશ્રી અતુલભાઈ પટેલ, પૂર્વ મહામંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, મંડળના પદાધિકારીઓ, નગરપાલિકાના પ્રમુખશ્રી આનંદીબેન પટેલ, જિલ્લાના મહામંત્રીશ્રી આઈ.બી. વાઘેલા, ઈન્ચાર્જશ્રી બળદેવજી ઠાકોર, જે.કે. પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન કલોલ શહેરના મહામંત્રીશ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ અને મનુભાઈ પટેલે કર્યું હતું.

# ભરતસિંહ તેમજ અન્ય કાર્યકરો, નેતાઓએ પણ બેંકમાં નોટો બદલાવી

અમદાવાદ, તા.૧૨

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ નોટ બદલવા માટે લાઈનમાં ઉભા રહીને દેશના લોકોનું ધ્યાન ખેંચ્યા બાદ હવે કોંગ્રેસના અન્ય નેતાઓ પણ આ દિશામાં આગળ વધી રહ્યા છે. આજે આ સ્થિતિ જોવા મળી હતી. કોંગ્રેસ પક્ષના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો, આગેવાનો આજ રોજ તેમની વિવિધ બેન્કની શાખા પર જઈને સામાન્ય નાગરિકોને પડતી મુશ્કેલીઓમાં ભાગીદાર થઈ સાથે લાઈનમાં ઉભી રહીને ૫૦૦-૧૦૦૦ની નોટ નિયમાનુસાર બદલાવી હતી અને પ્રજાને પડતી હાલાકી હાડમારીનો જાત અનુભવ કર્યો હતો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# ડો જગદીશ જોષીપુરાનુ દુઃખદ અવસાન : આજે પ્રાર્થના સભા

ગાંધીનગર તા ૧૨

જાણીતા શિક્ષણશાસ્ત્રી ડો કમલેશ જોષીપુરાના જયેષ્ઠ ભ્રાતા ડો જગદીશ પદમકાંત જોષીપુરાનુ દુઃખદ અવસાન થયુ છે. તેમના અવસાનથી નગરના શ્રેષ્ઠીઓ તેમજ શિક્ષણવિદો સહીત નગરજનોએ શોકની લાગણી વ્યક્ત કરી છે.સદગતના આત્માની શાંતિ માટે તા ૧૩ નવેમ્બરના રોજ અન્નપુર્ણા હોલ નવા વિકાસ ગૃહ રોડ પાલડી અમદાવાદ ખાતે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન પ્રાર્થના સભાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
પ્રવાસી શિક્ષિકા
બી.એસ.સી. બી.એડ.
પ્રાથમિક વિભાગમાં ગણિત-વિજ્ઞાન ભણાવી શકે તેવા
● પગાર - નિયમાનુસાર
બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય
સેક્ટર-૨૮, ગાંધીનગર
સંપર્ક મોબાઈલ નંબર
૮૪૦૧૬૮૧૫૫૩
૯૯૦૯૦૧૧૨૯૭

**ફોર્મ નં. ૧૧ (એ)**
**(જુઓ નિયમ-૩૭)**
**ભારત સરકાર માટે જમીન સંપાદન માટે કલમ-૧૧ના હેઠળનું જાહેરનામું**
**મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર**

તારીખ :

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : ગાંધીનગર

ક્રમાંક : અમ-૨૦૧૬-૨૩-મ-જગધ-૨૦૧૫-૧૯૬૮-ધ

ભારતના બંધારણની કલમ-૨૫૮ના ખંડ-૧ અન્વે બહાર પાડવામાં આવેલ ભારત સરકારના કૃષિ મંત્રાલય (ગ્રામ વિકાસ વિભાગ)ના તા. ૨૦/૮/૧૯૮૭ના જાહેરનામા નં. ૧૨૦૧૧/૩૨/૧૭/૮૫/ એલઆરડી / એસઓ / ૯૮૭/ઈ દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) હેઠળ કેન્દ્રીય સરકારના કાર્યો ગુજરાત સરકારને સોંપવામાં આવ્યા છે, એથી

આ સાથેની અનુસુચિમાં દર્શાવવામાં આવેલી જમીન / જમીનોની જાહેર હેતુ જેમ કે, તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન અમદાવાદ પ્રોજેક્ટ દ્વારા સારકામ નંબર : એમ.એલ.એચ.એલ. (એલ.એમ. - ૧૭૦) માટે જરૂર પડવાનો સંભવ છે તેમ ગુજરાત સરકારને લાગે છે.

(૧) આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) ની કલમ-૧૧ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીન / જમીનો ઉપર દર્શાવવામાં આવેલા હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

(૨) ઉક્ત જમીન / જમીનોમાં હિત ધરાવતી બધી વ્યક્તિઓને આથી ઉક્ત જમીન / જમીનો ઉપર ઉક્ત જમીનના સંપાદનના હેતુ માટે રોકવામાં આવેલ કોઈપણ માપણીદારો અથવા બીજી વ્યક્તિઓની કામગીરીમાં અડચણ અથવા દખલ નહી કરવાની ચેતવણી આપવામાં આવે છે. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરની મંજુરી વિના ઉક્ત જમીન / જમીનોના વેચાણ, પટા, ગીરો, નામફેર કે વિનિમય દ્વારા અથવા બીજી કોઈપણ રીતે નિકાલ અંગે કરવામાં આવેલ કોઈપણ કરાર અથવા જમીન / જમીનોમાં કરવામાં આવેલ કોઈપણ સુધારા કે ખર્ચ ઉક્ત અધિનિયમની કલમ-૬૯ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

(૩) ગુજરાત સરકારને એવી ખાતરી થાયકે ઉક્ત જમીન / જમીનો આગળ જણાવેલ હેતુ માટે જરૂરી છે તો યોગ્ય સમયગાળાની અંદર ઉક્ત અધિનિયમની કલમ-૧૯ હેઠળ એ મતલબનું આખરી જાહેરનામું કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ અથવા સંપૂર્ણપણે પડતું મુકવામાં આવશે તો એ હકીકત પણ કાયદાનુસાર યોગ્ય રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૪) આથી ગુજરાત સરકાર, જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩ના ખંડ (જી) હેઠળ ગુજરાત સરકાર તે સમયે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (ઓ.એન.જી.સી.) અમદાવાદને ઉક્ત જમીન / જમીનો સંબંધમાં કલેક્ટરના કાર્યો બજાવવા નીમે છે.

**અનુસુચિ**

**મોજે : માણસા** **તા. માણસા** **જી. ગાંધીનગર**

| જિલ્લો | તાલુકો | ગામ | સર્વે નંબર/ બ્લોક નંબર | જરૂરી જમીનનો આશરે વિસ્તાર હે.આરે.ચો.મી. | જે જાહેર હેતુ માટે જરૂર છે તે જાહેર હેતુ |
|---|---|---|---|---|---|
| ગાંધીનગર | માણસા | માણસા | ૨૨૧૫ પૈ. | ૦૦-૫૧-૬૦ | તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન અમદાવાદ પ્રોજેક્ટના સારકાર નંબર: એલએમએચએલ (એલ.એમ.૧૭૦) એમ.એ.ક્યુ/કેસ નં./૧/૨૦૧૬/જી |
| | | | ૨૨૧૬ પૈ. | ૦૦-૫૩-૬૨ | |
| | | | ૨૨૧૭ | ૦૦-૦૪-૦૦ | |
| | | | ૨૨૭૮ | ૦૦-૦૩-૭૦ | |
| | | | ૨૨૮૨ | ૦૦-૦૨-૫૦ | |
| | | | ૨૨૯૧/૨ | ૦૦-૦૨-૦૦ | |
| | | | ૨૨૯૧/૧ પૈ. | ૦૦-૦૩-૬૦ | |
| | | | ૨૨૯૦ | ૦૦-૦૨-૪૦ | |
| | | | ૨૨૮૬/૧ | ૦૦-૦૪-૦૦ | |
| | | | ૨૨૮૬/૨ | ૦૦-૦૪-૫૦ | |
| | | | ૨૨૮૫ પૈ. | ૦૦-૦૨-૮૦ | |
| | | | ૨૨૮૨ પૈ.૧ | ૦૦-૦૨-૮૦ | |
| | | | ૨૨૮૧ | ૦૦-૦૧-૧૦ | |
| | | | ૨૨૮૦ | ૦૦-૦૧-૩૦ | |
| | | | ૨૨૫૬/૨ | ૦૦-૦૧-૭૦ | |
| | | | ૨૨૬૨ | ૦૦-૦૧-૦૦ | |
| | | | ૨૨૭૯ | ૦૦-૦૪-૫૦ | |
| | | | કુલ : | ૦૧-૪૭-૧૨ | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(ભૂપેશ જે. રાઠોડ)
સરકારશ્રીના ઉપસચિવ

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૩૧૦/૨૦૧૬